| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૨૭/૦૩/૨૦૨૪ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૭/૦૩/૨૦૨૪ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૨૪/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન<br>૦૧ – ૦૮ – ૨૮ |

**નામદાર મજુર અદાલત નં. ૧ જામનગરના પ્રિસાઈડીગ ઓફિસર સમક્ષ,**

**મુકામઃ જામનગર**

**રેફરન્સ (ટી) નં. ૨૨/૨૦૨૪**
**આંક : ૨૬**

પ્રથમ પક્ષકાર :
(૧) ચિફ ઓફિસરશ્રી,
જામજોધપુર નગરપાલિકા,
જામજોધપુર
(૨) પ્રમુખશ્રી,
જામજોધપુર નગપરપાલિકા,
જામજોધપુર

**<u>વિરુધ્ધ</u>**

બીજા પક્ષકાર :
અરવિંદ છગનભાઈ વાઘીયા
રહે. ભગવતીપરા, શેરી નં.૪,
જાનકી બોટલીંગ પાસે, જામજોધપુર
કે/ઓ. ભારતીય મઝદુર સંઘ

**<u>વિષય:</u>** ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત

| | | |
|---|---|---|
| પ્રથમપક્ષકાર તરફે | : | વિ.વકીલ શ્રી પી.એલ.પોપટ |
| બીજાપક્ષકારો તરફે | : | વિ.પ્રતિનિધિ શ્રી પી.ડી.રાયચુરા |

**–:: <u>એ વો ર્ડ</u> ::–**

(૧) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા મદદનીશ શ્રમ આયુકતશ્રી, જામનગર સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહિ થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, જામનગરનાં હુકમ ક્રમાંક : એ.કે.એચ.એલ.સી./આર.એ.જે./૧૨/૨૦૨૪, તા.૦૭/૦૩/૨૦૨૪, પત્ર ક્રમાંક : મશ્રઆ/જામ/૨૦૨૪/૧૦૨૭, તા.૨૬/૦૩/ ૨૦૨૪ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: <u>અનુસૂચિ</u> :–**

**અરવિંદ છગનભાઈ વાઘીયાને તા.૨૧/૦૨/૨૦૨૧ થી કોઈપણ જાતના વાંક, ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લેવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા બીજાપક્ષકાર તેમના વિ.પ્રતિનિધી શ્રી પી.ડી.રાયચુરાએ હાજર થઈ આંક–૩ થી તેમનું અધિકાર પત્ર રજૂ કરેલ છે.

આ કામમાં બીજાપક્ષકારે આંક–૫ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં જણાવેલુ છે કે, બીજાપક્ષકાર પ્રથમપક્ષકારને ત્યાં તા.૦૧/૧૨/૨૦૦૧ થી વોટર વર્કસ ખાતામાં એન્જીન ડ્રાઈવર/પમ્પમેન તરીકે સતત અને સળંગ રીતે કાયમી પ્રકારના કામ કરતા હતા અને દૈનિક

રૂા.૩૩૦.૫૦/– લેખે પગાર મેળવતા હતા. બીજાપક્ષકાર પ્રથમપક્ષકારમાં કાયમી પ્રકારના કામ પર હોવા છતા પ્રથમપક્ષકાર ધ્વારા તેમને કાયમી કરી, કાયમીનો પગાર આપતા નહિ. તેથી બીજાપક્ષકારે યુનિયન મારફત કાયમી કરી, કાયમીના લાભો મળે તે માટે પ્રથમપક્ષકારને તા.૧૮/૦૨/૨૦૨૧ ના નોટીસ આપેલ. જે નોટીસ પ્રથમપક્ષકારને તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ મળી જતા પ્રથમપક્ષકારને તા.૨૧/૦૨/૨૦૨૧ થી મૌખિક રીતે કામે ચડાવવાની ના પાડેલ.

બીજાપક્ષકારે એસ.સી.એ. નં.૪૪૨૫/૨૦૨૧ થી નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેમની સર્વીસ કન્ડીશનમાં ફેરફાર ન કરે તે માટે દાદ માંગેલ. જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૦૫/૦૩/૨૦૨૧ ના યથાવત સ્થિતી જાળવી રાખવા હુકમ કરેલ. આમ છતા પ્રથમપક્ષકારે બીજાપક્ષકારને નોકરીમાં ચડાવેલ નહિ. તેથી બીજાપક્ષકારે તે અંગે નામ. હાઈકોર્ટ સમક્ષ રજુઆત કરેલ જેમાં નામ. હાઈકોર્ટ ધ્વારા તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ અંતીમ હુકમ પસાર કરી, બીજાપક્ષકારને છુટા કરવાના પગલાને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારવા તથા નામ. હાઈકોર્ટ સમક્ષ કેસમાં વ્યતીત થયેલ સમયગાળાને ડીલેનો બાધ ન નડે તેવો હુકમ કરેલ.

બીજાપક્ષકારે યુનિયન મારફત કાયમી કરવા અંગે જે કેસ કરેલ તે નામ. ઔદ્યોગિક ન્યાયપંચ, જામનગર સમક્ષ રેફ.આઈ.ટી. નં.૧૨/૨૦૨૩ થી ચાલતો. જે નામ. હાઈકોર્ટમાં ઉપર મુજબનો હુકમ થતા બીજાપક્ષકારે પુનઃસ્થાપિત થવાના કેસની નોટીસ પ્રથમપક્ષકારને આપી તે અંગેની કાર્યવાહી હાથ ધરેલ હોવાથી રેફ.આઈ.ટી.કેસ જરૂરત પડયે ફરી ફાઈલે કરવાના હકકોને બાધ ન આવે તે રીતે વીથ ડ્રો કરેલ.

બીજાપક્ષકાર જે કામગીરી કરતા તે કામગીરી ચાલુ હોવા છતા કોઈ પણ જાતના વાંક, ગુના કે કસુર વિના તથા કાયદેસરની કોઈ જ કાર્યવાહી કર્યા વિના તા.૨૧/૦૨/૨૦૨૧ ના મૌખિક રીતે છુટો કરેલ. છુટા કરતી વખતે બીજાપક્ષકારને કોઈ જ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર કે હકક હિસ્સાની કોઈ રકમ ચુકવેલ નથી. બીજાપક્ષકારને છુટા કરતી વખતે સીનીયોરીટી લીસ્ટ

બનાવેલ નથી કે બતાવેલ નથી. બીજાપક્ષકારને છુટા કર્યા બાદ તેમનાથી જુનીયર ને ચાલુ રાખેલ છે તથા બીજાપક્ષકાર જેવી કામગીરી માટે અન્ય નવા કામદારો રાખી કામ કરાવે છે. આ કામના પ્રથમપક્ષકાર હાજરીકાર્ડ કે પગારચિઠ્ઠી આપેતા નહતા. બીજાપક્ષકારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસો ફરજ બજાવેલ છે.

બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજાપક્ષકારે વારંવાર વિનંતી રજુઆતો કરવા છતા બીજાપક્ષકારને કામ પર લીધેલ નહિ. જેથી બીજાપક્ષકારે નામ.હાઈકોર્ટના હુકમ બાદ તા.૨૩/૧૨/૨૦૨૩ ના નોટીસ આપેલ. પરંતુ પ્રથમપક્ષકારે તેનો અમલ કરેલ નથી કે જવાબ આપેલ નથી. બીજાપક્ષકારને નોકરીમાંથી છુટા કરતા તેઓ બેરોજગાર બનેલ છે અને અન્યત્ર પ્રયત્નો કરવા છતા કયાંય નોકરી મળેલ નથી જેથી તેમને તેમના કુટુંબનું ભરણપોષણ કરવામાં ખુબ જ તકલીફ પડે છે.

ઉપરની હકીકતે પ્રથમપક્ષકારનું બીજાપક્ષકારને તા.૨૧/૦૨/ ૨૦૨૧ ના રોજથી કાયદેસરની કાર્યવાહી કર્યા વગર નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી બીજાપક્ષકારના પડેલા રોજની રકમ ભરપાઈ કરી મૂળ જગ્યા પર સળંગ નોકરીથી કામે લઈ લેવાનો હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ બીજાપક્ષકારના પડેલા રોજની રકમ પર મળવાપાત્ર કાયદેસરના વ્યાજ તથા નોકરી અંગેના મળવાપાત્ર તમામ આનુસંગીક લાભો ચૂકવી આપવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે. આ ઉપરાંત નામદાર કોર્ટને યોગ્ય લાગે તે તમામ દાદ અપાવવા અરજ કરેલ છે. વધુમાં આ કામમાં પ્રથમપક્ષકાર બીજાપક્ષકારને અરજી ખર્ચના રૂા.૧૦,૦૦૦/– ચૂકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમપક્ષકારને નોટીસ કાઢતા, નોટીસ બજી જતા પ્રથમપક્ષકાર તરફે વિ.વકીલશ્રીએ આંક–૮ થી પોતાનું વકીલ પત્ર રજૂ રાખેલો.

આ કામે પ્રથમપક્ષકાર તરફે આંક–૧૪ થી પોતાનો જવાબ રજૂ કરવામાં આવેલો છે. સદર જવાબને વંચાણે લેતા તેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજાપક્ષકારની અરજી ખરી શુધ્ધબુધ્ધીની કે કાયદેસરની નથી મલીન ઈરાદાથી થયેલ છે. બીજાપક્ષકારની અરજીના પારા ૧ થી ૧૩ ની રજુઆત ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોય, આ અરજીના તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે. બીજાપક્ષકારની અરજીની તમામ હકીકતો ગેરકાનુની, ગેરવ્યાજબી અને સંસ્થાને અન્યાય કર્તા હોય તે સાબિત કરવાનો બોજો બીજાપક્ષકાર ઉપર રહે છે.

આ કામના પ્રથમપક્ષકાર સંસ્થા સરકારી વૈધાનીક સંસ્થા છે અને બીજાપક્ષકારને કામની જરૂર મુજબ રોજમદાર/દાડીય તરીકે જેટલા રોજ કામ કરે તેટલા રોજનું વેતન મળે તે પ્રમાણે કામ અપાયેલ હોય, પ્રથમપક્ષકાર ની સંસ્થાને 'ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩' ની કાયદાકીય જોગવાઈ ઓ તેમજ "જામજોધપુર ન.પા.ના ભરતી બઢતી અને સેવાની શરતો નિયમો–૨૦૦૮" થા લાગુ થયેલ હોય, સંસ્થાના મહેકમની મંજુરી મળે પછી પણ કાયદેસરની પ્રક્રિયા ધ્વારા "પસંદગી સમીતી" જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારી સહિતના ઉંમર, લાયકાત, અનુભવ તથા પરીક્ષા/ઈન્ટરવ્યુ વિગેરેમાં પસંદગી પામે તેને જ નિમણુંક આપી શકાય અને સંસ્થાના કોઈ અધિકારી કે સભ્યોને પણ સતા નથી. જે બાબતની બીજાપક્ષકાર અને તેના યુનિયનની જાણમાં હોવા છતા, ખોટી રીતે ઔદ્યોગિક તકરાર અધિનિયમની જોગવાઈઓનો ગેરલાભ લેવા, ખોટી ઔદ્યોગિક તકરાર ઉભી કરેલ છે. અરજીની તમામ બાબતોનો સંસ્થા ધ્વારા સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે.

ખરી હકીકતે બીજાપક્ષકારને અપાયેલ સંસ્થાનું જરૂરીયાત મુજબ નું કોઈ વિશેષ બામ બાકી રહેલ ન હોવાથી, નો વર્ક નો પે મુજબ બીજાપક્ષકારને તા.૨૧/૦૨/૨૦૨૧ પહેલાના એક માસ અગાઉ કામે ન આવવા જણાવેલ હોય અને તેને જાણ કરેલ કે કામની ફરી જરૂર પડશે તો ફરીથી રોજમદાર તરીકે કામ આપવામાં આવશે, તેમજ સંસ્થામાં કાયમી નિમણુંક માટે જયારે સંસ્થા ધ્વારા ભરતીની જાહેરાત આવે તે વખતે અરજી કરવા અને તેની તમામ પ્રક્રિયામાં પાસ

થવાથી જ કાયમી નોકરી અને કાયમી પગાર મળી શકે તેમ જણાવેલ હોવા છતા, અરજદાર સંસ્થાની નોકરીમાં ચાલુ ન હોવા છતા તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજની "કાયમી" કરવાની નોટીસ મોકલેલ હોય, તેનો સંસ્થા ધ્વારા તા.૨૪/૦૨/૨૦૨૧ ના રોજનો સ્પષ્ટ જવબ હોવા છતા અરજદારનો હેતુ કાયદાની પ્રક્રિયાનો ગેરલાભ લેવાનો હોવાનું સ્પષ્ટ કરે છે. અરજદારની તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજની "કાયમી કરવાની નોટીસ" તદન ગેરકાયદેસર છે.

ત્યારબાદ બીજાપક્ષકારે કન્સી.કેસ નં.૦૫/૨૦૨૧ દાખલ કરેલ અને ચાલુ કન્સીલેશન દરમ્યાન બીજાપક્ષકાર અને બીજાઓએ નામ. હાઈકોર્ટમાં ફકત ને ફકત સંસ્થા સામે સતત દબાણ ચાલુ રાખવા હેતુથી ખરી હકીકતો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જાહેર ન કરી, સ્પે.સી.એ. નં.૪૪૨૫/૨૦૨૧ દાખલ કરી, જે તા.૦૫/૦૩/૨૦૨૧ ના રોજનો નોકરીમાં ન હોવા છતા એક તરફી બીજાપક્ષકારે તેની નોકરીની સ્થિતી જાળવી રાખવાનો હુકમ મેળવેલ જેની જાણ બીજાપક્ષકારના યુનિયન ધ્વારા તેના તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજના પત્રથી સંસ્થાને કરેલ. ત્યારબાદ બીજાપક્ષકારે તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ "ઔદ્યોગિક ન્યાય પંચ" માં રેફરન્સ આઈ.ટી. નં.૧૨/૨૩ થી દાખલ કરેલ. જે તા.૨૭/૦૩/૨૦૨૪ ના રોજની આંક–૮ ની વીથડ્રો પુરસીસ આપી વિથ ડ્રો કરેલ.

બીજાપક્ષકારને પ્રાદેશીક નગરપાલિકા નિયામકશ્રી ધ્વારા તા.૧૬/૦૧/૨૦૦૮ થી લાગુ કરાયેલ "ભરતી, બઢતી અને સેવાની શરતો બાબતેના નિયમો–૨૦૦૭" ના નિયમો પ્રમાણે કામે રાખેલ નથી પરંતુ પ્રથમપક્ષકાર સંસ્થાના અનેક વિભાગો અને પ્રોજેકટ માટે કામોની જરૂરીયાત મુજબ તદન હંગામી ધોરણે રોજમદાર દાડીયા તરીકે લઘુતમ વેતનના દરે કામ આપવામાં આવેલ હોય, કામ ન હોય તો વેતન ન હોય, આમ બીજાપક્ષકારને સંસ્થામાં પુનઃસ્થાપિત થવાનો કોઈ પણ હકક કે અધિકાર ન હોય, બીજાપક્ષકાર ની માંગણી રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

પ્રથમપક્ષકારે વધુમાં જણાવેલ છે કે, બીજાપક્ષકારના કામની

જરૂર ન હોવાથી આ બીજાપક્ષકારને એક માસ અગાઉ ફેબ્રુઆરી–૨૦૨૧ થી કામે ન આવવા જાણ કરેલ હોવાથી બીજાપક્ષકારને સંસ્થા સામે બેકારી ભથ્થુ મેળવવા સિવાયનો અન્ય કોઈ એટલે કે હાલની માંગણી મુજબ "પડેલ રોજના પગાર સાથે પુનઃસ્થાપિત" થવાનો કોઈ પણ હકક અધિકાર ન હોવાથી બીજાપક્ષકારની માંગણી રદ થવા પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, બીજાપક્ષકારને સંસ્થામાં પુનઃસ્થાપિત કરવાના હુકમથી અન્ય લાયક ઉમેદવારો કામ મેળવી ન શકે અને લાયક ઉમેદવારને બદલે ખોટી રતે લેવાયેલ કામદાર મારફત કામ લેવાનું ખુબજ અન્યાયકારક અને સંસ્થાની કાર્યક્ષમતાને નુકસાનકારક હોય તેથી પણ બીજાપક્ષકારની અરજી રદ થવાને પાત્ર છે. બીજાપક્ષકારને સમગ્ર વર્તણુંક જોતા બીજાપક્ષકાર સંસ્થામાં ગેરકાયદેસર નોકરી મેળવવા જાત જાતની તરકીબો ધ્વારા ગમે તેમ કાયદાની પ્રક્રિયાનો ગેરલાભ લેવા પ્રવૃત હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. બીજાપક્ષકાર ધ્વારા ખોટી રીતે સંસ્થાનો તેમજ નામદાર કોર્ટના સમય, શકિત અને નાણાનો બદઈરાદાથી વ્યય કરાવેલ હોય બીજાપક્ષકારની અરજી રદ કરવા નમ્ર અરજ કરેલ છે. જેથી બીજાપક્ષકારને અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના બીજાપક્ષકારે આંક–૧૭ થી પ્રોડકશન અરજી રજુ કરી સને ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીના બીજાપક્ષકારના હાજરીપત્રકો તથા પગારપત્રકો, ડીસેમ્બર–૨૦૨૪ દરમ્યાન પ્રથમપક્ષકારમાં કામ કરતા રોજમદાર તથા આઉટ સોર્સીંગના કામદારોના નામ, દાખલ તારીખ, કામગીરીનું સ્થળ તથા ચુકવેલ પગારની વિગતો સામાવાળા રજુ કરે એવી દાદ માંગેલી છે. અત્રેની કોર્ટે માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવા અન્યથા સોગંદનામું કરવાનો હુકમ કરેલો.

(૫) આ કામે બીજાપક્ષકાર તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## –: મૌખિક પુરાવો :–

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બીજાપક્ષકાર અરવિંદ છગનભાઈ વાઘીયાનું પુરાવાનું સોગંદનામું | ૧૮ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | બીજાપક્ષકારને કાયમી કરવા અંગે પ્રથમપક્ષકારને આપેલ માંગણાની નોટીસની નકલ | નિ.૧૬/૧ |
| ૨. | ઉકત નોટીસ જી.પોસ્ટ કર્યાની રસીદની નકલ | નિ.૧૬/૨ |
| ૩. | ઉકત નોટીસ પ્રથમપક્ષકારને મળ્યાનો પોસ્ટલ ટ્રેક રીપોર્ટની નકલ | નિ.૧૬/૩ |
| ૪. | બીજાપક્ષકારે નામ.હાઈકોર્ટ સમક્ષ કરેલ એસ.સી.એ.નં. ૪૪૨૫/૨૦૨૧ માં કરેલ વચગાળાના હુકમની નકલ | નિ.૧૬/૪ |
| ૫. | યુનિયને તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ પ્રથમપક્ષકારને લખેલ પત્રની નકલ | નિ.૧૬/૫ |
| ૬. | ઉકત પત્ર પ્રથમપક્ષકારને મળ્યાની રજી.એ.ડી.ની પાવતીની નકલ | નિ.૧૬/૬ |
| ૭. | મદદનીશ શ્રમ આયુકતશ્રી ધ્વારા કન્સી.કેસ સ્થગિત કર્યાના હુકમની નકલ | નિ.૧૬/૭ |
| ૮. | મશ્રઆશ્રી ધ્વારા કન્સી. કેસ ફેલ્યોર કર્યાનો રીપોર્ટની નકલ | નિ.૧૬/૮ |
| ૯. | રેફ.આઈ.ટી.નં.૧૨/૨૦૨૩ માં ઔદ્યોગિક ન્યાયપંચની નોટીસ નકલ | નિ.૧૬/૯ |
| ૧૦. | રેફ.આઈ.ટી.નં.૧૨/૨૦૨૩ માં ઔદ્યોગિક ન્યાયપંચના એવોર્ડની ખરી નકલ | નિ.૧૬/૧૦ |
| ૧૧. | નામ.હાઈકોર્ટ સમક્ષ પ્રથમપક્ષકારે રજુ કરેલ રોજમદારોના ચુકવણા પત્રકની નકલ | નિ.૧૬/૧૧ |
| ૧૨. | એસ.સી.એ.નં.૪૪૨૫/૨૦૨૧ માં નામ. હાઈકોર્ટના ફાઈનલ હુકમની નકલ | નિ.૧૬/૧૨ |
| ૧૩. | બીજાપક્ષકારે પ્રથમપક્ષકારને આપેલ ડિમાન્ડ નોટીસની નકલ | નિ.૧૬/૧૩ |
| ૧૪. | ઉકત નોટીસ રજી.પોસ્ટલ કર્યાની રસીદની નકલ | નિ.૧૬/૧૪ |
| ૧૫. | ઉકત નોટીસ પ્રથમપક્ષકારને મળ્યાનો પોસ્ટલ ટ્રેક રીપોર્ટની | નિ.૧૬/૧૫ |

| | | |
|---|---|---|
| | નકલ | |
| ૧૬. | પ્રથમપક્ષકારે બીજાપક્ષકારને આપેલ આઈ.ડી.કાર્ડનીનકલ | નિ.૧૬/૧૬ |
| ૧૭. | પ્રથમપક્ષકારનું રોજમદારોને આપેલ દાખલાની નકલ | નિ.૧૬/૧૭ |
| ૧૮. | પ્રથમપક્ષકારનું બીજાપક્ષકારના ચુકવણા પત્રકની નકલ | નિ.૧૬/૧૮ |
| ૧૯. | બીજાપક્ષકારના પી.એફ.ખાતાની પાસબુક | નિ.૧૬/૧૯ |
| ૨૦. | બીજાપક્ષકારના બેંક પાસબુકની નકલ | નિ.૧૬/૨૦ |
| ૨૧. | બીજાપક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ | ૧૯ |

(૬) આ કામે પ્રથમપક્ષકાર તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## **–: મૌખિક પુરાવો :–**

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રથમપક્ષકાર તરફે બ્રિજરાજસિંહ એલ.વાળાનું પુરાવાનુંસોગંદનામું | ૨૧ |

## **–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | પ્રથમપક્ષકારનો બીજાપક્ષકારની નોટીસના જવાબની નકલ | નિ.૧૫/૧ |
| ૨. | પ્રથમપક્ષકારનો કન્સી. કેસ નં.૦૫/૨૧ ના જવાબની નકલ | નિ.૧૫/૨ |
| ૩. | જા.જી.મઝદુર સંઘના તા.૧૨/૩/૨૧ ના પત્ર તથા હુમની નકલ | નિ.૧૫/૩ |
| ૪. | ઔદ્યોગિક અદાલતના રેફ.આઈ.ટી. નં. ૧૨/૨૩ ના દસ્તાવેજોની હુકમ સહિતની નકલ | નિ.૧૫/૪ |
| ૫. | સંસ્થાના વોટર વર્કસ શાખાના ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીના વર્ષના રોજમદારોના હાજરીપત્રકની નકલ | નિ.૨૨/૧ થી નિ.૨૨/૯ |
| ૬. | અરજદારે યુનિયન મારફતે સામાવાળાને મોકલેલ નોટીસની નકલ | નિ.૨૨/૧૦ |
| ૭. | શ્રમ આયુકતશ્રી, જામનગર તરફથી આવેલ નોટીસની નકલ | નિ.૨૨/૧૧ |
| ૮. | નામ. હાઈકોર્ટમાંથી આવેલ નોટીસની નકલ | નિ.૨૨/૧૨ |

| | | |
|---|---|---|
| ૯. | નામ. હાઈકોર્ટના સ્પે.સી.એ. નં.૪૪૨૫/૨૧ ના તા.૨૯/૦૭/૨૧, તા.૧૫/૧૨/૨૨ તથા તા.૦૫/૧૨/૨૩ ના હુકમની નકલ | નિ.૨૨/૧૩ |
| ૧૦. | શ્રમ આયુકત, જામનગરના તા.૨૫/૩/૨૧ ના હુકમની નકલ | નિ.૨૨/૧૪ |
| ૧૧. | શ્રમ આયુકતશ્રી, જામનગરે કન્સી. કેસ નં.૫/૨૧ ની રીઓપન કરી નિષ્ફળ થયાનો અહેવાલ તથા ઔદ્યોગિક ન્યાયપંચને રીફર કરવાના હુકમની નકલ | નિ.૨૨/૧૫ |
| ૧૨. | ઔદ્યોગિક અદાલત, જામનગર ધ્વારા સામાવાળાને હાજર રહેવાની અને દસ્તાવેજો રજુ કરવાની નોટીસની નકલ | નિ.૨૨/૧૬ |
| ૧૩. | અરજદારે તા.૦૭/૦૩/૨૪ ના રોજ ઔદ્યોગિક અદાલત, જાનગરને કેસ વિથ ડ્રો કરવા આપેલ પુરસીસની નકલ | નિ.૨૨/૧૭ |
| ૧૪. | આદ્યોગિક અદાલત, જામનગરે રેફ.આઈ.ટી. નં.૧૨/૨૩ ના એવોર્ડ તથા સદર એવોર્ડ પ્રસિધ્ધી અંગે શ્રમ આયુકતશ્રી ધ્વારા તા.૧૮/૪/૨૩ ના રોજનો સંસ્થાને મોકલેલ જાહેર નામાની નકલ | નિ.૨૨/૧૮ |
| ૧૫. | પ્રથમપક્ષકાર તરફે કલોઝીગ પુરસીસ | ૨૩ |

(૭) ત્યારબાદ આ કામના પ્રથમપક્ષકારે આંક–૨૫ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારને સંસ્થામાં ૨૦૧૫ થી કામે રખાયેલ હોવાનું સાબિત થાય છે. સંસ્થાના રજુ રેકર્ડ મુજબ અરજદાર ૨૦૧૨ થી  સંસ્થામાં કામે રહેલ નથી. અરજદારને કોઈપણ જાતના કાયદેસરના હુકમ મુજબ કે ભરતીના લાગુ નિયમો કે કાયદેસરની પ્રક્રિયા વગર હંગામી રોજમદાર તરીકે, મૌખિક રીતે લઘુતમ વેતનથી કામે રખાયેલ અને તે રીતે અરજદારે સંસ્થામાં કરેલ કામનું રોજ મુજબ વળતર મેળવેલ અને તે મુજબ સંસ્થામાં કામ કરવાનું સ્વિકારેલ છે. અરજદારે સંસ્થા ઉપર કામની કોઈ શરતો રાખીને કામ મેળવેલ નથી.

અરજદારને હંગામી રોજમદાર તરીકે કામે રાખેલ હોય તેથી અરજદારને સંસ્થામાં કાયમી થવાનો કે કામ ન હોય તો પણ પુનઃસ્થાપિત થવાનો

અને સંસ્થામાંથી છુટા કરતા સમયે નોટીસ કે બેકારી વળતર મેળવવાનો, ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટના કાયદાની કામદારને સહાયક જોગવાઈઓનો ગેરલાભ મેળવવા હકકદાર નથી. અરજદારને તેના કામના વેતન સિવાયના સંસ્થા સામેના અન્ય કોઈપણ જાતના હકકો અધિકારો હોવાનું સાબિત થયેલ ન હોય અરજદાર ની અરજી રદ થવા પાત્ર છે.

હાલના કેસમાં અરજદારે પહેલા એક માસની નોટીસ કે નોટીસ પગાની અને બેકારી વળતરની ચુકવણી ન કરેલ હોવાની તકરારો ઉઠાવેલ છે અને તેથી સંસ્થામાં ચડત પગાર સાથે પુનઃસ્થાપિત થવા અત્રેની કોર્ટ સમક્ષ દાદ માંગેલી નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને છુટા કરતા પહેલાના મહિનામાં જ મૌખિક રીતે તેના કામની જરૂરીયાત રહેતી ન હોય તા.૨૧/૦૨/૨૦૨૧ થી કામે ન આવવા જાણ કરાયેલ હોવાથી સંસ્થા ઉપર દબાણ લાવવાના હેતુથી જ અરજદારે સંસ્થાની છુટા કરવાની તારીખના ત્રણ દિવસ પહેલા જ સંસ્થામાં બેકડોર કાયમી કરવા તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજની નોટીસ યુનિયન મારફત મોકલેલ.

વધુમાં જણાવેલ છે કે, અરજદારે શ્રમ આયુકતશ્રીની કન્સી. કેસ નં.૦૫/૨૦૨૧ ની ચાલુ કાર્યવાહી દરમ્યાન અને નોકરીમાં ન હોવા છતા સત્ય હકિકત છુપાવીને, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં.૪૪૨૫/૨૦૨૧ દાખલ કરી, એક તરફી રીતે સંસ્થાની નોકરીની શરતો બાબતે 'સ્ટેટસકવો' નો તા.૦૫/૦૩/૨૦૨૧ ના રોજનો હુકમ મેળવેલ હોવાથી શ્રમ આયુકતશ્રી, જામનગરના કન્સી. કેસની કાર્યવાહી સ્થગીત કરવાનો તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ હુકમ કરેલ છે.આમ છતા પણ અરજદારે બંને જગ્યાએ ન્યાયીક કાર્યવાહી ચાલુ રાખેલ છે. ત્યારબાદ આ કામના અરજદારે નામ.ઔદ્યોગિક અદાલત, જામનગરમાં રેફ.આઈ.ટી. નં.૧૨/૨૩ દાખલ કરેલ અને તા.૦૭/૦૩/૨૪ ના રોજ વિથડ્રો કરેલ. જે વિથડ્રો પુરસીસમાં અરજદારને પુનઃસ્થાપિત કરવાની

તકરારનો શ્રમ આયુકતશ્રીએ તા.૩૦/૧/૨૪ ના હુકમ થયા પછી જાણી જોઈને નામ.કોર્ટની અને કાયદાની જોગવાઈઓનો લાભ લેવાનો અરજદારનો આશય સ્પષ્ટ થાય છે.

નામ. ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ. નં.૪૪૨૫/૨૧ ના તા. ૦૫/૧૨/૨૦૨૩ ના હુકમના પારા નં.૧૭(એ) થી અરજદારે શ્રી સરરકાર (શ્રમ આયુકત સમક્ષની) અરજદારની કાયમી થવાની તકરારને યોગ્ય મજુર અદાલત કે ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં મોકલવા દાદની માંગણી કરેલ, તેવો હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

વધુમાં નામ. હાઈકોર્ટના પેરા નં.૧૭(બી) થી અરજદારને ચાલુ કન્સી. ની કાર્યવાહી દરમ્યાન સંસ્થા કે તેના એજન્ટો કે નોકરો ચાલુ નોકરીમાંથી છુટા ન કરે, કે તેની નોકરીની શરતોમાં ફેરફાર ન કરે તેવી દાદ માંગેલ છે.

ઉપરોકત જણાવેલ અને બીજા સંસ્થાના પુરાવાના જણાવેલ તમામ કારણોસર, અરજદારને સંસ્થામાં પુનઃસ્થાપિત કરવાની દાદ આપવાનો કે બેકવેજીસ ચુકવવાનો હુકમ થવાથી, અરજદાર અને સંસ્થા વચ્ચે મલ્ટીપલ ન્યાયીક કાર્યવાહી થાય તેમ હોવાથી, હાલનો અરજદારનો કેસ સહાનુભુતી પૂર્વક વિચારણા કે હુકમને પાત્ર નથી. વધુમાં અરજદારે સંસ્થામાં જુલાઈ–૨૦૧૮ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી જ હંગામી રોજમદાર તરીકે જ ફકત કામ કરેલ હોવાથી બેકારી વળતર મેળવવા હકકદાર નથી. છતા કોઈપણ સંજોગોમાં અત્રે ની કોર્ટ આવી કોઈ રકમ ચુકવાયેલ ન હોવાનું માને તો પણ તેવી રકમ માટે હાલના અરજદારને ફરીથી લાંબા સમયે, સંસ્થામાં જગ્યા ન હોય તો પણ કામે લેવાનો હુકમ સસ્થાને મોટા આર્થીક નુકસાનકર્તા બને વળી આવા હુકમથી અન્ય વધુ સક્ષમ રોજમદારોના હિતને અસર કરે તેમ હોય અરજદારની અરજી રદ કરવા અને કોઈપણ પ્રકારના ન ચુકવેલ વળતર ચુકવવાના હુકમથી બન્ને પક્ષનું ન્યાયનું હિત જળવાઈ તેમ છે. સામાવાળાએ પોતાની દલીલના સમર્થનમાં તલ્વારા કો.ઓપ. ક્રેડીટ એન્ડ સર્વીસ સોસાયટી લી. વિ. શુષીલકુમાર (૨૦૦૮)

૯ એસ.સી.સી. ૪૮૬ અને મેહબુબ દીપક વિ. નગર પંચાયત, ગુજરાઉલા (૨૦૦૮) ૧ એસ.સી.સી. ૫૭૫ ના સાલટેશનો રજુ રાખેલ છે.

(૮) અત્રેના ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ વિચારણા માટે ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

**મુદ્દા નં.૧.** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમપક્ષકારનાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે?

**મુદ્દા નં.૨.** શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે ?

**મુદ્દા નં.૩.** આખરી શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં. ૧.** | નકારમાં |
| **મુદ્દા નં. ૨.** | નકારમાં |
| **મુદ્દા નં. ૩.** | આખરી હુકમ મુજબ |

**–:: <u>કા ર ણો</u> ::–**

(૧૦) **<u>મુદ્દા નં.૧ અને ૨ :</u>**

આ કામે હાથ ઉપરનો કેસ અને પડેલા પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો, બીજાપક્ષકારની એવી દલીલ છે કે તેઓ પ્રથમપક્ષકારને ત્યાં તા.૦૧/૧૨/૨૦૦૧ થી વોટર વર્કસ ખાતામાં એન્જીન ડ્રાઈવર/પમ્પમેન તરીકે સતત અને સળંગ રીતે કાયમી પ્રકારના કામ કરતા હતા અને દૈનિક રૂા.૩૩૦.૫૦/– લેખે પગાર મેળવતા હતા. બીજાપક્ષકાર પ્રથમપક્ષકારમાં કાયમી પ્રકારના કામ પર

હોવા છતા પ્રથમપક્ષકાર ધ્વારા તેમને કાયમી કરી, કાયમીનો પગાર આપતા નહિ. તેથી બીજાપક્ષકારે યુનિયન મારફત કાયમી કરી, કાયમીના લાભો મળે તે માટે પ્રથમપક્ષકારને તા.૧૮/૦૨/૨૦૨૧ ના નોટીસ આપેલ. જે નોટીસ પ્રથમપક્ષકારને તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ મળી જતા પ્રથમપક્ષકારને તા.૨૧ /૦૨/૨૦૨૧ થી મૌખિક રીતે કામે ચડાવવાની ના પાડેલ.

બીજાપક્ષકારે એસ.સી.એ. નં.૪૪૨૫/૨૦૨૧ થી નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેમની સર્વીસ કન્ડીશનમાં ફેરફાર ન કરે તે માટે દાદ માંગેલ. જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૦૫/૦૩/૨૦૨૧ ના યથાવત સ્થિતી જાળવી રાખવા હુકમ કરેલ. આમ છતા પ્રથમપક્ષકારે બીજાપક્ષકારને નોકરીમાં ચડાવેલ નહિ. તેથી બીજાપક્ષકારે તે અંગે નામ. હાઈકોર્ટ સમક્ષ રજુઆત કરેલ જેમાં નામ. હાઈકોર્ટ ધ્વારા તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ અંતીમ હુકમ પસાર કરી, બીજાપક્ષકારને છુટા કરવાના પગલાને સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારવા તથા નામ. હાઈકોર્ટ સમક્ષ કેસમાં વ્યતીત થયેલ સમયગાળાને ડીલેનો બાધ ન નડે તેવો હુકમ કરેલ.

બીજાપક્ષકારે યુનિયન મારફત કાયમી કરવા અંગે જે કેસ કરેલ તે નામ. ઔદ્યોગિક ન્યાયપંચ, જામનગર સમક્ષ રેફ.આઈ.ટી. નં.૧૨/૨૦૨૩ થી ચાલતો. જે નામ. હાઈકોર્ટમાં ઉપર મુજબનો હુકમ થતા બીજાપક્ષકારે પુનઃસ્થાપિત થવાના કેસની નોટીસ પ્રથમપક્ષકારને આપી તે અંગેની કાર્યવાહી હાથ ધરેલ હોવાથી રેફ.આઈ.ટી.કેસ જરૂરત પડયે ફરી ફાઈલે  કરવાના હકકોને બાધ ન આવે તે રીતે વીથ ડ્રો કરેલ.

બીજાપક્ષકાર જે કામગીરી કરતા તે કામગીરી ચાલુ હોવા છતા કોઈ પણ જાતના વાંક, ગુના કે કસુર વિના તથા કાયદેસરની કોઈ જ કાર્યવાહી કર્યા વિના તા.૨૧/૦૨/૨૦૨૧ ના મૌખિક રીતે છુટો કરેલ. છુટા કરતી વખતે બીજાપક્ષકારને કોઈ જ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર કે હકક હિસ્સાની કોઈ રકમ ચુકવેલ નથી. બીજાપક્ષકારને છુટા કરતી વખતે સીનીયોરીટી લીસ્ટ બનાવેલ નથી કે બતાવેલ નથી. બીજાપક્ષકારને છુટા કર્યા બાદ તેમનાથી જુનીયર

ને ચાલુ રાખેલ છે તથા બીજાપક્ષકાર જેવી કામગીરી માટે અન્ય નવા કામદારો રાખી કામ કરાવે છે. આ કામના પ્રથમપક્ષકાર હાજરીકાર્ડ કે પગારચિઠ્ઠી આપેતા નહતા. બીજાપક્ષકારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસો ફરજ બજાવેલ છે.

બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજાપક્ષકારે વારંવાર વિનંતી રજુઆતો કરવા છતા બીજાપક્ષકારને કામ પર લીધેલ નહિ. જેથી બીજાપક્ષકારે નામ.હાઈકોર્ટના હુકમ બાદ તા.૨૩/૧૨/૨૦૨૩ ના નોટીસ આપેલ. પરંતુ પ્રથમપક્ષકારે તેનો અમલ કરેલ નથી કે જવાબ આપેલ નથી. બીજાપક્ષકારને નોકરીમાંથી છુટા કરતા તેઓ બેરોજગાર બનેલ છે અને અન્યત્ર પ્રયત્નો કરવા છતા કયાંય નોકરી મળેલ નથી જેથી તેમને તેમના કુટુંબનું ભરણપોષણ કરવામાં ખુબ જ તકલીફ પડે છે.

ઉપરની હકીકતે પ્રથમપક્ષકારનું બીજાપક્ષકારને તા.૨૧/૦૨/ ૨૦૨૧ ના રોજથી કાયદેસરની કાર્યવાહી કર્યા વગર નોકરીમાંથી છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી બીજાપક્ષકારના પડેલા રોજની રકમ ભરપાઈ કરી મૂળ જગ્યા પર સળંગ નોકરીથી કામે લઈ લેવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામે પ્રથમપક્ષકારનો એવો બચાવ છે કે, આ કામના પ્રથમપક્ષકાર સંસ્થા સરકારી વૈધાનીક સંસ્થા છે અને બીજાપક્ષકારને કામની જરૂર મુજબ રોજમદાર/દાડીય તરીકે જેટલા રોજ કામ કરે તેટલા રોજનું વેતન મળે તે પ્રમાણે કામ અપાયેલ હોય, પ્રથમપક્ષકાર ની સંસ્થાને 'ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩' ની કાયદાકીય જોગવાઈ ઓ તેમજ "જામજોધપુર ન.પા.ના ભરતી બઢતી અને સેવાની શરતો નિયમો– ૨૦૦૮" થા લાગુ થયેલ હોય, સંસ્થાના મહેકમની મંજુરી મળે પછી પણ કાયદેસરની પ્રક્રિયા ધ્વારા "પસંદગી સમીતી" જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારી સહિતના ઉંમર, લાયકાત, અનુભવ તથા પરીક્ષા/ઈન્ટરવ્યુ વિગેરેમાં પસંદગી પામે તેને જ નિમણુંક આપી શકાય અને સંસ્થાના કોઈ અધિકારી કે સભ્યોને પણ સતા નથી. જે બાબતની બીજાપક્ષકાર અને તેના યુનિયનની જાણમાં હોવા છતા, ખોટી

રીતે ઔદ્યોગિક તકરાર અધિનિયમની જોગવાઈઓનો ગેરલાભ લેવા, ખોટી ઔદ્યોગિક તકરાર ઉભી કરેલ છે. અરજીની તમામ બાબતોનો સંસ્થા ધ્વારા સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવેલ છે.

આ કામે બીજાપક્ષકારે તા.૦૧/૧૨/૨૦૦૧ થી નોકરીમાં જોડાયા તે મુજબની હકીકત તેઓના માંગણાના નિવેદનમાં અને મદદનીશ્ર મજુર કમિશ્નર સમક્ષની તેઓની ૧૦એ ની ફરિયાદમાં પણ જોડાયાની તા.૦૧/૧૨/ ૨૦૦૧ દર્શાવેલ છે. તેમજ તેઓની કોર્ટ સમક્ષ સોગંદ પરની જુબાનીમાં પણ તા.૦૧/૧૨/૨૦૦૧ દર્શાવેલી છે. આ કામે બીજાપક્ષકાર તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, ''મારી પાસે સદર નિ.૧૬/૧૭ સિવાય અન્ય કોઈ આધાર હું તા.૦૧/૧૨/૨૦૦૧ થી ફરજ બજાવતો હતો તે દર્શાવતો હોય તેવો નથી. એ વાત ખરી છે કે, નિ.૧૬/૧૬ માં મારી જન્મ તારીખ ૨૯/૦૬/૧૯૮૫ દર્શાવેલ હોવાથી મારી ઉંમર ૨૦૦૧ માં ૧૬ વર્ષની હતી. આ આંક–૧૬ ના દસ્તાવેજો બીજાપક્ષકાર કામદારે રજુ કરેલ છે. આમ આ દસ્તાવેજો નહિ માનવાનો કોઈ કારણ રહેતો નથી. આ કામે બીજાપક્ષકારનો એવો બચાવ પણ નથી કે આ જન્મ તારીખ ખોટી છે. આ દસ્તાવેજ પ્રથમ પક્ષકાર નગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ આઈ.ડી. કાર્ડ છે. જયારે નિ.૧૬/૧૭ નો દસ્તાવેજ નગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ દાખલો છે. આમ, ૧૬ વર્ષની ઉંમરે કોઈ પણ સંસ્થા કોઈને કામ પર રાખી શકે નહિ. આ કામે બીજાપક્ષકાર પોતે જ ઉલટતપાસમાં કબુલે છે કે, ૨૦૦૧ માં તેઓની ઉંમર ૧૬ વર્ષની હતી. આમ તેઓની દાખલ તારીખ અંગે વિસંગતતા છે.

આ કામે પ્રથમપક્ષકાર પાસે બીજાપક્ષકારે દસ્તાવેજો માંગેલ છે તે ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીના માંગેલ છે. જયારે પ્રથમપક્ષકારનો એવો બચાવ છે કે, બીજાપક્ષકાર જુલાઈ–૨૦૧૮ થી ફેબ્રઆરી–૨૦૨૧ સુધી રોજમદાર તરીકે કામ આપવામાં આવતુ હતુ. આ કામે બીજાપક્ષકાર તેઓની દાખલ થવાની તારીખ સ્પષ્ટ પુરાવાથી રેકર્ડ પર સાબિત કરી શકેલ નથી. આ કામે જયારે કોઈપણ વ્યકિત પોતાનો કેસ કોર્ટ સમક્ષ લઈને આવતો હોય ત્યારે તેને તે સ્પષ્ટ પુરાવાથી

સાબિત કરવો પડે. આ કામે બીજાપક્ષકારની દાખલ તારીખ સ્પષ્ટ પુરાવાઓથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. આમ બીજાપક્ષકાર તેમનો કેસ સ્પષ્ટ પુરાવાથી સાબિત કરી શકેલ ન હોય જેથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–::હુ ક મ::–**

**૧.** આ કામના બીજાપક્ષકારની રેફરન્સ અરજી નં.૨૨/૨૦૨૪ આથી નામંજુર કરવામાં આવે છે.

તા. ૨૪/૧૨/૨૦૨૫
જામનગર

**(ડી.જે.ઠાકર)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૧, જામનગર
**આઈ.ડી.નંજીજે–૦૦૭૪૮**

મોહીત પી. ઢચા
(સ્ટેનોગ્રાફર)